# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવા ભરતી થયેલા યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વર્ચ્યુઅલી વિતરણ કરશે.**
2. **કેન્દ્રીય સંચાર અને પૂર્વોત્તર વિસ્તાર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા આજે રાજ્યના પ્રવાસે આવશે**
3. **મહેસાણામાં આજે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ઍરોબિટીક ટીમ દ્વારા ઍર-શૉ યોજાશે.**
4. **આગામી બે દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી**
5. **ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં , ન્યૂઝીલેન્ડને હરાવીને ભારતનો સેમિફાઇનલમાં પ્રવેશ**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે રોજગાર મેળા પહેલ હેઠળ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરશે. પ્રધાનમંત્રી આ કાર્યક્રમ દરમિયાન નવા નિયુક્ત થયેલા યુવાનોને સંબોધન પણ કરશે. આ 17મા રોજગાર મેળામાં કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી અજય તમટા ઉપસ્થિત રહેશે.

રોજગાર મેળો રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા તરફનું એક પગલું છે. તે યુવાનોને તેમના સશક્તિકરણ અને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારી માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

---

# NIMUBEN ROJGAR MELO

દેશભરના 40 સ્થળોએ આજે રોજગાર મેળો યોજાશે. જેમાં 51 હજારથી વધુ પસંદગી પામેલા ઉમેદવારોને નિયુક્તિ પત્રો એનાયત કરાશે. 17મા રોજગાર મેળા અંતર્ગત અમદાવાદના શાહીબાગ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના નવા નિયુક્તોને નિમણૂક પત્ર સોંપવામાં આવશે. તેમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા ઉપસ્થિત રહેશે.

---

# SCINDIA GUJARAT

કેન્દ્રીય સંચાર અને પૂર્વોત્તર વિસ્તાર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા આજે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ સવારે 10 વાગ્યે વડોદરાના ટપાલ તાલીમ કેન્દ્ર,ખાતે યોજાનાર રોજગાર મેળામાં ઉપસ્થિત રહેશે. તેમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવશે. નવા નિમણુકધારકો પોતાની સેવાઓ/પદો પર જોડાઈને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભાગ લેશે અને નાગરિક સેવાઓમાં સુધારો, સેવા વિતરણની ગુણવત્તા, ઔદ્યોગિક, આર્થિક અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ કાર્યક્રમ બાદ શ્રી સિંધિયા કેવડીયા ખાતે ગ્રામીણ ટપાલ સેવા સંમેલનમાં પણ હાજરી આપશે.

---

# MEHSANA AIR SHOW

મહેસાણાના એરોડ્રોમ ખાતે આજે સવારે નવ વાગ્યે ભારતીય વાયુસેનાની પ્રસિદ્ધ સૂર્યકિરણ એરોબિટીક ટીમ દ્વારા એર-શો યોજાશે. આ ટીમના વિમાન દ્વારા આકાશમાં દિલધડક કરતબ કરાશે. લોકો આ એર-શોને નિઃશુલ્ક નિહાળી શકશે. સાથે જ એર-શોમાં એમ.કે. 132 વિમાન પાંચ મિટરથી ઓછા અંતરે ઉડાન ભરશે. આ અંગે લેફ્ટનન્ટ કમલ સંધુએ વધુ માહિતી આપી

(બાઇટ- લેફ્ટનન્ટ કમલ સંધુ)

---

## RIVABA JAMNAGAR

જામનગર 78 વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજાનો નવી મંત્રીપરિષદમાં સમાવેશ થતાં તેમના સન્માનમાં જામનગરમાં બાઇક રેલી અને સન્માન સમારોહ યોજવામાં આવ્યો. તેમાં વિવિધ સંગઠનો દ્વારા તેમનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું , જેમાં પૂર્વમંત્રીઓ, જામનગરના મેયર વિનોદ ખીમસૂર્યા, વેપારી આગેવાનો , સંતો મહંતો જોડાયા હતા. કાર્યક્રમ બાદ રાજ્યકક્ષાના મંત્રી રિવાબા જાડેજાએ પ્રતિક્રિયા આપી.

Byte: Rivaba Jadeja (Minister of State for Education)

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

---

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક

રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્ય ટૉલ ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આજે મંતવ્ય મોકલવાનો અંતિમ દિવસ છે.

---

## WEATHER FORECAST

આગામી 6 દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 25 અને 26 ઓક્ટોબરે ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાને કારણે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું , આવતીકાલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

Byte: Dr. A. K. Das- Director

---

## DANG RAHVEER

ડાંગના વાળાંકવાળા માર્ગો પર અકસ્માત થવાની શક્યતા વધુ હોય છે ત્યારે સ્થાનિકોના જીવનરક્ષણ માટે કેન્દ્ર સરકારની રાહવીર યોજના અમલમાં આવી છે. આથી લોકોમાં જાગૃતિ આવશે અને વધુમાં વધુ લોકોને તાલીમ આપી અકસ્માતના શરૂઆતના એક કલાક દરમિયાન ઘાયલ વ્યક્તિને સારવાર આપી તેનો જીવ બચાવી શકાશે તેમ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવે જણાવ્યું હતું.

(Byte: Pooja Yadav – SP, Dang)

બીજી તરફ કલમ ડુંગર ખાતેના મેળામાં 112 ઇમરજન્સી સેવા , સાયબર જાગૃતિ, નશામુક્તિ, તેમજ ટ્રાફિક જાગૃતી માટે સ્ટોલ ઉભા કરી લોકોને માર્ગદર્શન અપાયું.

---

## Panchmahal- Exhibition

પંચમહાલના ગોધરાના ઘઉંની સળીમાંથી વિવિ ધ કલાકૃતિઓ બનાવનાર કલાકાર અનવર મામજી દુબઈમાં ડિસેમ્બરના અંતમાં આયોજિત આંતરરાષ્ટ્રીય આર્ટિસ્ટ એક્ઝિબિશનમાં પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે.
ઉલ્લેખનીય છે કે તેઓ છેલ્લા 30 વર્ષથી ઘઉંની સળીમાંથી નયનરમ્ય અને આબેહૂબ ચિત્રો તૈયાર કરી રહ્યા છે. તેમણે પોતાની અનોખી કલા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, અગ્રણી રાજનેતાઓ તથા અભિનેતાઓના ચિત્રો બનાવી તેમને ભેટ આપ્યા છે. તેમની કલાકૃતિઓને માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ વ્યાપક પ્રશંસા મળી છે. આ અનો ખા કૌશલ્ય બદલ તેમને અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.

---

## Tapi- accident

તાપીના ઉચ્છલ તાલુકાના વડપાડા ગામની સીમમાં ગઇકાલે અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા.ઉચ્છલ થી પસાર થતા સુરત ધુલિયા નેશનલ હાઈવે પર વડપાડા ગામની સીમમાં હાઇવે પર ઉભેલી ટ્રકમાં ટેમ્પાના ચાલકનો અકસ્માત સર્જાયો.પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી.

---

# WOMENS WORLD CUP CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં , ન્યૂઝીલેન્ડને 53 રનથી હરાવીને ભારતે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમના ઓપનર પ્રતિકા રાવલ અને સ્મૃતિ મંધાનાએ શાનદાર સદી નોંધાવી ભારતનો સ્કોર 49 ઓવરમાં 3 વિકેટે 340 રને પહોંચાડ્યો. મંધાનાના 109 અને રાવલના 122 રન સાથે બંને વચ્ચે 212 રનની રેકોર્ડ-બ્રેકિંગ ઓપનિંગ ભાગીદારી થઈ, જે મહિલા વિશ્વ કપ ઇતિહાસમાં ભારત માટે સૌથી વધુ છે.

વરસાદથી પ્રભાવિત મેચમાં DLS અનુસાર 325 રનના લક્ષ્યનો પીછો કરતા, ન્યૂઝીલેન્ડે 44 ઓવરમાં 8 વિકેટે 271 રન બનાવ્યા . આ જીત સાથે, ભારત હવે ત્રણ જીતમાંથી છ પોઈન્ટ મેળવી ચૂક્યું છે અને સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયા , ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા સાથે જોડાઈ ગયું છે.